# સુર્યા મરાઠી હત્યા તથા આર્મ્સ એક્ટ એક્ટના ગુનામા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

સુર્યા મરાઠી હત્યા કેસના નાસતા ફરતા આરોપીઓને ત્વરે ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાંચ પો.સ.ઈ. વી.વી.ભોલા નાઓને આર્મ્સ એક્ટના ગુનામા તથા સુર્યા મરાઠી હત્યા કેસમા નાસતા ફરતા આરોપી જયેશ ઉર્ફે જય જ્ઞાનેશ્વર પોલ રહે.ઘર નં.૧૫૫, સરદાર પટેલ સોસાયટી, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં ડભોલી રોડ, સુરત મુળગામ- ભાગાળ તા.મંગાવ જી.રાયગઠ (મહારાષ્ટ્ર) નાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. મજકુર આરોપીની પુછપરછ કરતા તેણે જણાવેલ કે, પોતે સુર્યા મરાઠી સાથે તેના સાગરીતા તરીકે તેના કહેવા મુજબ કામકાજ કરતો હતો અને તા.૧૨/૨/૨૦૨૦ ના રોજ સુરેશ ઉર્ફે સુર્યા મરાઠી ઉપર જણાવેલ હુમલો થયેલ તેના એક કલાક પહેલા જ સુર્યાએ પોતાની ઓફીસના બોલાવી પોતાને એક લોડેડ પીસ્ટલ આપી ઓફીસની બહાર સુરક્ષા કરવા માટે વોચમા બેસવા જણાવેલ હતુ અને થોડી વારમા સુર્યા મરાઠી ઉપર જીવલેણ હુમલો થયેલ પરંતુ પોતે હાર્દીક પટેલ સાથે મળી ગયેલ હોય અને ગુનાહીત કાવત્રામા સામેલ હોય હાર્દીક પટેલ અને તેના માણસોએ સુર્યા ઉપર હુમલો કરતા પોતે પીસ્ટલ વડે ફાયરીંગ નહી કરી સુર્યા મરાઠીને બચાવવા માટે નહી જતા હાર્દીક અને તેના સાગરીતો સુર્યા મરાઠીનુ ખુન કરી નાસી ગયેલ હતા અને બાદમા પોતે લોડેડ પીસ્ટલ સુર્યા મરાઠી સાગરીતા એન્થોની ઉર્ફે રોકીને આપી દીધેલ હતી વિગેરે બાબત.

ગુન્હાહીત ઈતિહાસ:- મજકુર આરોપી અગાઉ મનુ ડાહ્યા હત્યા કેસમા કતારગામ પો.સ્ટે. મા તેમજ ખટોદરા પો.સ્ટે. વિસ્તારમાં જાનથી મારી નાંખવાના ધમકી આપ્યાના ગુનામા પકડાયેલ છે.